ફોન : ૨૬૩૦૧૩૩૩
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
એસ્ટેટ વિભાગ
રૂમ નંબર-૧,
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

www.gujaratuniversity.org.in

Phone : 26301333
FAX : (079) 26302623, 26308194
Estate Department,
Room No. 1
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).
Email :
Email : guestate@gmail.com

તા.૦૨/૦૮/૨૦૨૨

ગુજરાત યુનિવર્સિટી બાંધકામ સમિતિની સભા તા.૦૨/૦૮/૨૦૨૨ સાંજે ૦૪.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી સાહેબે સંભાળ્યું હતું. જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુંજબ હતી.

(૧) શ્રી ડૉ. હિમાંશુ પંડ્યા
મા. કુલપતિશ્રી - હાજર

(૨) શ્રી આશિષભાઈ અમીન
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૩) ડો. વનરાજસિંહ ચાવડા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૪) શ્રીમતી મયુરીબેન ભાટિયા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૫) શ્રી સુધાંશુભાઈ ઝા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી વતી - હાજર
માર્ગ અને મકાન વિભાગ
(રાજ્ય સરકારશ્રી)

**બાબત ક્રમાંક: (૧)** તા:૦૮/૦૪/૨૦૨૨ ના રોજ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક : (૧)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે તા:૦૮/૦૪/૨૦૨૨ના રોજ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવામાં આવી.

**બાબત ક્રમાંક: (૨)** ગુજરાત યુનિવર્સિટી નું કેમ્પસ ૨૬૦ એકરમાં પથરાયેલુ કેમ્પસ છે. આ કેમ્પસ પરના તમામ ભાવનો, કવાટર્સો, તમામ હોસ્ટેલો અને યુનિવર્સિટી એસ્ટેટ વિભાગની કામગીરી તેનો એરીયા, કામગીરીનો વ્યાપ તેમજ નવા ઊભા કરેલ પ્રાથમિક સુવિધાવાળા તમામ આયામો, નવું બની રહેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નવી હાઇટેશન લાઈનો, જનરેટરો, લીફટો, ફાયર સેફટીની સાધન સામગ્રી વગેરેનું સુચારૂ રૂપે સંચાલન અને તેની જાળવણી થઈ શકે તેવી પ્રાથમિક બાબતો ધ્યાને લેતા એસ્ટેટ વિભાગમાં કાયમી અને ચાવીરૂપ ટેકનિકલ જગ્યાઓ નહિવત હોવાથી તેની સીધી અસર એસ્ટેટ વિભાગના તમામ કામો ઉપર પડતી હોઇ આ અંગે સઘન વિચારણા કરવામાં આવે અને આ સાથે સામેલ લીસ્ટ મુજબ તમામ જગ્યાઓની હંગામી/કાયમી ધોરણે તાત્કાલીક અસરથી ભરતી પ્રકીયા કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક: (૨)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદર બાબતે યુનિ.ના મહેકમ વિભાગ દ્વારા આ સાથે સામેલ લીસ્ટ મુજબની તમામ જગ્યાઓની હંગામી/કાયમી ધોરણે તાત્કાલીક અસરથી ભરતી પ્રકીયા કરવા અંગે જણાવવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૩) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા જુદા જુદા બાંધકામ અને રીનોવેશનની કામગીરી અર્થે પ્રોજેકટ કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવેલ છે. સાદર બાબતે તા.૧૧/૦૭/૨૦૨૨ ના પત્રથી પ્રોજેકટ કન્સલ્ટન્ટના કાર્યમાંથી મુક્તિ આપવા જણાવેલ છે અને તા.૦૧/૦૮/૨૦૨૨ થી યુનિ.કેમ્પસ ઉપર પ્રોજેકટ કન્સલ્ટન્ટનો કોઈ સ્ટાફ હાજર રહેશે નહીં તેવી જાણ પત્ર દ્વારા અત્રેના વિભાગને કરેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૩) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદર બાબતે અગાઉ જે કામગીરી યુનિ. દ્વારા કન્સલ્ટન્ટ ઓકટર્સને સોંપવામાં આવેલી છે. જ્યાં સુધી યુનિ.ની અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી સોંપેલ કામગીરી તેઓ પાસેથી પૂર્ણ કરાવવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૪) ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના જુદી જુદી તારીખોના પત્રો અત્રેના વિભાગને મળેલ છે. સદર તમામ પત્રોમાં જણાવ્યા મુજબ વિભાગમાં જરૂરી સિવિલ વર્ક, ઇલેક્ટ્રીક વર્ક, ફર્નિચર વર્ક અને પ્લમબીંગ કામ અને અન્ય પરચુરણ કામ કરી આપવાની રજૂઆત કરેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૪) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદર બાબતે યુનિ. કન્સલ્ટન્ટની નવી વ્યવસ્થા થયેથી રાજય સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના નવા SOR મુજબ વિગતવાર અંદાજો અને ડ્રોઈંગ માન્ય રાખી વર્તમાન પત્રોમાં જાહેરખબર દ્વારા ઈ-ટેન્ડર કરવાની તથા ફાઇનાન્સિયલ બીડ ખોલવા સુધીની આગળની આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૫) ગુજરાત યુનિવર્સિટી પાસેથી પસાર થતો રોડ કે. સી. જી. ગેટ થી L. D. Engineering ગેટ સુધી એટલે કે ડૉ.બાબા સાહેબ આંબેડકર ગેટ પાસેનો રોડ ખુબજ તૂટી ગયેલ હોઇ, સદર રોડ તાત્કાલિક રીસરફેસિંગ/પેચ વર્ક કરવા R & B ડીપાર્ટમેન્ટ (ગુ.રા.) તા. ૨૩/૦૬/૨૦૨૨ નો એસ્ટીમેટ અત્રેના વિભાગને મળેલ છે. સદર બાબતે કે. સી. જી. ગેટ થી L. D. Engineering ગેટ સુધી એટલે કે ડૉ.બાબા સાહેબ આંબેડકર ગેટ પાસેનો રોડ રીસરફેસિંગ કરવા સંદર્ભ-૧ થી R & B ડીપાર્ટમેન્ટ (ગુ.રા.) તા. ૨૩/૦૬/૨૦૨૨ ના પત્રથી એસ્ટીમેટ અત્રેના વિભાગને રજૂ કરેલ છે. સદર બાબતે R & B ડીપાર્ટમેન્ટ (ગુ.રા.) દ્વારા રજૂ કરેલ એસ્ટીમેટ મુજબ અંદાજે ૩૨00.00 Sq.Mt. રોડ રીસરફેસિંગ/પેચ વર્ક કરવા માટેનો અંદાજીત રકમ રૂ.૧૪,૩૩,૦૦૦/- (અંકે રૂપિયા ચૌદ લાખ તેત્રીસ હજાર પૂરા) નો ખર્ચ થશે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૫) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તા. ૦૮/૦૪/૨૦૨૨ ની બા.સ. ની બા.ક્ર.૩ થી થયેલ ઠરાવ મુજબ રાખવું.

બાબત ક્રમાંક: (૬) ગુજરાત યુનિવર્સિટીના બોટની વિભાગ પાસે વર્ષ ૨૦૧૫ માં ફાઉન્ટેન બનાવવામાં આવેલ હતો. સદર બાબતે ફાઉન્ટેન બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ પાર્શ્વમ બિલ્ડર્સ દ્વારા રજૂ કરેલ બિલ નં-GU 02/2015 તા. 10/03/2015 મુજબ સપ્લાય ઓફ જે.સી.બી ના રકમ રૂ.૩૫,૭૫૦/- નો ખર્ચ થયેલ છે, અને નં-GU ૦૪/૨૦૧૪-૨૦૧૫ તા. ૧૫/03/૨૦૧૫ મુજબ રકમ રૂ.૧,૫૪,૫૫૮/- નો ખર્ચ થયેલ છે. સદર બાબતે ઇજારદારશ્રીને બન્ને કામના સંદર્ભ કુલ રકમ રૂ.૧,૯૦,૩૦૮ /- (અંકે રૂપિયા એક લાખ નેવું હજાર ત્રણસો આઠ પુરા) જે આજ દિન સુધી મળેલ નથી તેવી લેખિતમાં રજૂઆત અત્રેના વિભાગને કરેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૬) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા ને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલ ભલામણ કરવામાં આવે છે ઉપરોકત બાબતના જરૂરી દસ્તાવેજો મેળવીને આગામી સભા સમક્ષ મુકવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૭) યુનિ.કેમ્પસ પરની જુદી જુદી જગ્યા ઉપર વર્ષ ૨૦૧૫ માં પેવર બ્લોક ફીટ કરવામાં આવેલ હતા. સદર બાબતે પેવર બ્લોક ફીટ કરવાની કામગીરી પૂર્ણ થયા બાદ Aar Vee Engineers દ્વારા રજૂ કરેલ (૧) બિલ નં-૦૦૨/૨૦૧૫ તા.૧૫/૦૩/૨૦૧૫ મુજબ એપ્રોચ રોડ પર પેવર બ્લોક ફીટ કરેલ જેના રકમ રૂ.૨,૦૧,૯૦૬/- નો ખર્ચ થયેલ છે, (૨) બિલ નં-૦૦૧/૨૦૧૫ તા.૧૫/૦૩/૨૦૧૫ મુજબ પેવર બ્લોક ફીટ કરેલ જેના રકમ રૂ.૨,૧૨,૮૭૮/- નો ખર્ચ થયેલ છે, (૩) બિલ નં-૦૦૩/૨૦૧૫ તા.૧૫/૦૩/૨૦૧૫ મુજબ ગેટ પાસે પેવર બ્લોક ફીટ કરેલ જેના રકમ રૂ.૬૩,૪૫૩/- નો ખર્ચ થયેલ છે, (૪) બિલ નં-૦૦૨/૨૦૧૫ તા.૧૫/૦૩/૨૦૧૫ મુજબ ટીચર્સ કવાટર્સ ખાતે પેવર બ્લોક ફીટ કરેલ જેના રકમ રૂ.૨,૪૬,૧૦૪/- નો ખર્ચ થયેલ છે. સદર બાબતે ઇજારદારશ્રીને ઉપરોકત કામના સંદર્ભે કુલ રકમ રૂ.૭,૨૪,૩૪૧/-(અંકે રૂપિયા સાત લાખ ચોવીસ હજાર ત્રણસો એકતાલીસ પુરા) જે આજ દિન સુધી મળેલ નથી તેવી લેખિતમાં રજૂઆત અત્રેના વિભાગને કરેલ છે જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૭) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા ને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલ ભલામણ કરવામાં આવે છે ઉપરોકત બાબતના જરૂરી દસ્તાવેજો મેળવીને આગામી સભા સમક્ષ મુકવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૮) ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ ઉપર વર્ષ ૨૦૧૫ માં 4 X 4 કોર કોપર ઇલેક્ટ્રીક કેબલ સપ્લાય કરવામાં આવેલ હતો. સદર બાબતે 4 X 4 કોર કોપર ઇલેક્ટ્રીક કેબલ ૧૯૭.૦૦ RMT સપ્લાય બાદ Sheetal Trading Corporation દ્વારા રજૂ કરેલ બિલ તા. ૨૦/૦૧/૨૦૧૫ મુજબ રકમ રૂ. ૮૮,૯૪૫/- નો ખર્ચ થયેલ છે. સદર બાબતે ઇજારદારશ્રીના સદર બિલ પેટે કુલ રકમ રૂ.૮૮,૯૪૫/- (અંકે રૂપિયા ઈઠીયાસી હજાર નવસો પીસ્તાલીસ પુરા) જે આજ દિન સુધી મળેલ નથી તેવી લેખિતમાં રજૂઆત અત્રેના વિભાગને કરેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૮) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા ને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલ ભલામણ કરવામાં આવે છે ઉપરોકત બાબતના જરૂરી દસ્તાવેજો મેળવીને આગામી સભા સમક્ષ મુકવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૯) ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ ઉપરના હયાત ભવાનોમાં રહેલ હૉલને નવીનીકારણ કરેલ છે. અને નવા હૉલનું નિર્માણ કરેલ છે. સદર બાબતે હોલમાં સાઉન્ડ સીસ્ટમ, એ.સી. પ્રોજેકટર જેવી પ્રાથમિક સુવિધા સાથેના બનાવવામાં આવેલ છે. સદર બાબતે બહારની સંસ્થાઓ દ્વારા હૉલમાં કાર્યક્રમો યોજવા માટે અવારનવાર પૂછપરછ થતી હોય છે. સદર બાબતે બા.સ. તા.૧૩/૦૭/૨૦૧૭ અને ઇ. સી. તા. ૧૪/૧૦/૨૦૧૭ થી હૉલ ભાડેથી આપવા માટેનું ભાડું નક્કી થયેલ હતું, તે ભાડાંમાં વધારો કરવા માટે .પત્રક "અ" મુજબ નક્કી કરવા તેમજ તમામ હોલના સુચારૂપે સંચાલન થાય તે હેતુસર સ્ટાફની જરૂરીયાત હોઇ પત્રક "બ" મુજબ નક્કી કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૯) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે યુનિ. કેમ્પસ પરના જુદાજુદા ભવનોમાં આવેલ હોલ બહારની સંસ્થાઓને વપરાશ માટે પરિશિષ્ટ-બ માં દર્શાવ્યા પ્રમાણે ભાડાના દરમાં કરવાનું રાખવું તેમજ યુનિ.ના કાર્યક્રમો માટે અને અન્યને વિનામુલ્ય વપરાશ માટે માં.કુલપતિશ્રીને સત્તા આપવાનું રાખવું, વધુમાં હોલના સંચાલન માટે વધારાન ૦૨ હંગામી માણસો રાખવા, રાજાના દિવસે હાજર રહેનાર હંગામી કે કાયમી કર્મચારીને નિયમનુસાર વેતન ચૂકવાનું રાખવું તેમજ હોલના આવતા ભાડા માટે અલગથી એકાઉન્ટ ખોલાવવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૦) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર જુદી જુદી કામગીરીના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી નિયુક્ત કન્સલ્ટન્ટ ઓકટર્સ તરફથી ગત વર્ષના ટેન્ડર

ફોર્મમાં જરૂરીયાત મુજબના સુધારા વધારા કરીને ટેન્ડર મુસદો (Tender DTP) નીચે મુજબ આપેલ છે.

(૧) યુનિવર્સિટી કેમ્પસ પરના મકાનોની સફાઇની કામગીરી ઝોન-A
(૨) યુનિવર્સિટી કેમ્પસ પરના મકાનોની સફાઇની કામગીરી ઝોન-B
(૩) યુનિવર્સિટી કેમ્પસ ગાર્ડનના મેઇન્ટેનસ અને લેન્ડસ્કેપની કામગીરી.
(૪) યુનિવર્સિટી કેમ્પસ પરના તમામ ભાવનોમાં આર.ઓ. મેઇન્ટેનસની કામગીરી.
(૫) યુનિવર્સિટી કેમ્પસ પરના મકાનોમાં આવેલ એરકંડીશનીંગ મશીનો તેમજ વોટરકુલરોના મેઇન્ટેનસની કામગીરી.
(૬) યુનિવર્સિટી પરીક્ષાની કામગીરી માટે વાહનોની ભાડેથી સેવા પૂરી પાડવા અંગેની કામગીરી.
(૭) યુનિવર્સિટી કેમ્પસ તેમજ કેમ્પસ પરના મકાનોની સલામતીની કામગીરી માટે.
(૮) રસ ધરાવતી એજન્સી પાસેથી આતિથ્ય સંચાલન માટેની કામગીરી.

ઉપરોકાત કામગીરીઓના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કરવા અંગે આવેલ ટેન્ડર મુસદા (Tender DTP) મંજૂર કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૦) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા ને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત જણાવેલ જુદી-જુદી કામગીરીના વાર્ષિક સર્વિસ કોન્ટ્રકટ કરવા અંગે યુનિ. નિયુક્ત કન્સલ્ટન્ટ ઓકટર્સ દ્વારા તૈયાર કરેલ ટેન્ડર મુસદ્દાઓમાં કમિટી દ્વારા સૂચવેલ સુધારાઓ માન્ય રાખીને તમામ કામગીરીના ટેન્ડરોની વર્તમાનપત્રોમાં જાહેરખબર દ્વારા ઈ-ટેન્ડર કરવાની તથા ફાઇનાન્સિયલ બીડ ખોલવા સુધીની આગળની આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૧) ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ પર આવેલ Botany વિભાગમાં Blue Star કંપનીના ૦૬-નંગ VRF (21 Hp) એ.સી. પ્લાન્ટ મેઇન્ટેન્સ અને સર્વિસના કામ બાબતે તા. ૦૭/૦૭/૨૦૨૧ ઇ.સી. બા.ક્ર.૨૪માં નક્કી થયા મુજબ તા.૦૧/૦૬/૨૦૨૧ થી ૩૧/૦૫/૨૦૨૨ સુધી એક વર્ષ માટે વાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો, જે આગામી તા. ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ પૂર્ણ થયેલ છે. સદર બાબતે બ્લ્યુ સ્ટાર લિમિટેડ તા. ૨૩/૦૫/૨૦૨૨ ની પ્રપોઝલ મુજબ દ્વારા VRF એ.સી. પ્લાન્ટના સર્વિસ તથા મેઇન્ટેન્સના પાંચ વર્ષના વાર્ષિક કોન્ટ્રાકટ માટે તા. ૦૧/૦૬/૨૦૨૨ થી તા. ૩૧/૦૫/૨૦૨૭ સુધી રકમ રૂ. ૨૫,૭૨,૩૩૮.૨૩/- (અંકે પચ્ચીસ લાખ બોતેર હજાર ત્રણસૌ આડત્રીસ અને ત્રેવીસ પૈસા પુરા) ટેક્ષ સહિતનો ખર્ચ થશે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે યુનિ.કેમ્પસ પરના તમામ એ.સી./વોટર કુલરના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટની ઈ-ટેન્ડરની પ્રકિયામાં સમાવેશ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૨) ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ પર આવેલ Forensic Science વિભાગમાં Blue Star કંપનીના ૦૬-નંગ VRF (21 Hp) એ.સી. પ્લાન્ટ મેઇન્ટેન્સ અને સર્વિસના કામ બાબતે તા. ૦૭/૦૭/૨૦૨૧ ઇ.સી. બા.ક્ર.-૨૨ માં નક્કી થયા મુજબ તા.૦૧/૦૬/૨૦૨૧ થી ૩૧/૦૫/૨૦૨૨ સુધી એક વર્ષ માટે વાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો, જે આગામી તા. ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ પૂર્ણ થયેલ છે. સદર બાબતે બ્લ્યુ સ્ટાર લિમિટેડ તા. ૨૩/૦૫/૨૦૨૨ ની પ્રપોઝલ મુજબ પાંચ વર્ષના વાર્ષિક કોન્ટ્રાકટ માટે તા. ૦૧/૦૬/૨૦૨૨ થી તા. ૩૧/૦૫/૨૦૨૭ સુધી રકમ રૂ. ૨૪,૫૩,૨૨૦/- (અંકે ચોવીસ લાખ ત્રેપન્ન હજાર બસૌ વીસ પુરા) ટેક્ષ સહિતનો ખર્ચ થશે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે યુનિ.કેમ્પસ પરના તમામ એ.સી./વોટર કુલરના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટની ઈ-ટેન્ડરની પ્રકિયામાં સમાવેશ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૩) ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ પર આવેલ **Account Department** ના **(Room No.18) Blue Star** કંપનીના **03**-નંગ **VRF (20 Hp)** એ.સી. પ્લાન્ટ મેઈન્ટેન્સ અને સર્વિસના કામ બાબતે તા. ૦૭/૦૭/૨૦૨૧ ઇ.સી. બા.ક્ર.-૨૩માં નક્કી થયા મુજબ તા.૦૧/૦૬/૨૦૨૧ થી ૩૧/૦૫/૨૦૨૨ સુધી એક વર્ષ માટે વાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો, જે આગામી તા. ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ પૂર્ણ થયેલ છે. સદર બાબતે બ્લ્યુ સ્ટાર લિમિટેડ તા. ૨૩/૦૫/૨૦૨૨ ની પ્રપોઝલ મુજબ પાંચ વર્ષના વાર્ષિક કોન્ટ્રાકટ માટે તા. ૦૧/૦૬/૨૦૨૨ થી તા. ૩૧/૦૫/૨૦૨૭ સુધી રકમ રૂ. ૧૩,૬૨,૯૦૦/- (અંકે તેર લાખ બાસઠ હજાર નવસૌ પુરા) ટેક્ષ સહિતનો ખર્ચ થશે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૩) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે યુનિ.કેમ્પસ પરના તમામ એ.સી./વોટર કુલરના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટની ઈ-ટેન્ડરની પ્રકિયામાં સમાવેશ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૪) ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસ પર આવેલ બી.કે.સ્કુલ ઓફ પ્રોફેશનલ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝનો તા.૧૧/૦૭/૨૦૨૨ નો પત્ર અત્રેના વિભાગને રજૂ કરેલ છે. સદર પત્રમાં જણાવ્યા મુજબ બી.કે.સ્કુલના હાલના બિલ્ડીંગમાં ગણા પ્રોબ્લેમ હોઇ નવું બિલ્ડીંગ ફાળવવા વિનંતી કરેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૪) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે ગુજરાત રાજ્ય સરકારશ્રી પાસેથી અનુદાન મેળવવા અંગેની આગળની તમામ આનુષાગિક કાર્યવાહી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૫) ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ સેનેટ હોલમાં VOLTAS કંપનીના Package Type AC પ્લાન્ટ નાખવામાં આવેલ હતા. સદર બાબતે Unique Services કંપની દ્વારા Package Type AC પ્લાન્ટની સર્વિસ તથા મેઇન્ટેનન્સ માટે તા.૨૦/૦૮/૨૦૨૧ થી તા. ૧૯/૦૮/૨૦૨૨ વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ હતો. સદર વાર્ષિક કોન્ટ્રાકટ તા. ૧૯/૦૮/૨૦૨૨ ના રોજ પૂર્ણ થનાર છે. સાદર બાબતે Unique Services તા.૧૮/૦૭/૨૦૨૨ નું પ્રપોઝલ અત્રેના વિભાગને રજુ કરેલ છે સાદર બાબતે VOLTAS કંપનીના ૦૫ (પાંચ) Package Type AC પ્લાન્ટની સર્વિસ તથા મેઇન્ટેનન્સ માટે તા.૨૦/૦૮/૨૦૨૨ થી તા. ૧૯/૦૮/૨૦૨૭ સુધી પાંચ વર્ષનાં કોન્ટ્રકટનો કુલ ખર્ચ રકમ રૂ.૨૦,૯૪,૬૬૧/- (અંક રૂપિયા વીસ લાખ ચોરાણું હજાર છસો એકસઠ પુરા) ટેક્ષ સહિતનો ખર્ચ થશે જે પરત્વે ચર્ચા વિચારણા.

ઠરાવ ક્રમાંક: (૧૫) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે યુનિ.કેમ્પસ પરના તમામ એ.સી./વોટર કુલરના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટની ઈ-ટેન્ડરની પ્રકિયામાં સમાવેશ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૬) ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ NRS હોલમાં VOLTAS કંપનીના Package Type AC પ્લાન્ટ નાખવામાં આવેલ હતા. સદર બાબતે Unique Services કંપની દ્વારા Package Type AC પ્લાન્ટની સર્વિસિસ તથા મેઇન્ટેનન્સ માટે તા તા.૨૦/૦૮/૨૦૨૧ થી તા. ૧૯/૦૮/૨૦૨૨ વાર્ષિક આપવામાં આવેલ હતો, સદર વાર્ષિક કોન્ટ્રાકટ તા. ૧૯/૦૮/૨૦૨૨ ના રોજ પૂર્ણ થાય છે. સાદર બાબતે Unique Services તા.૧૮/૦૭/૨૦૨૨ નું પ્રપોઝલ અત્રેના વિભાગને રજુ કરેલ છે. સાદર બાબતે VOLTAS કંપનીના 06 (છ) Package Type AC પ્લાન્ટની સર્વિસી તથા મેઇન્ટેન્સ માટે તા.૨૦/૦૮/૨૦૨૨ થી તા. ૧૯/૦૮/૨૦૨૭ સુધી પાંચ વર્ષનાં કોન્ટ્રકટનો કુલ ખર્ચ રકમ

રૂ.૧૦,૭૯,૦૬૭/- (અંક રૂપિયા દસ લાખ અગણાહેસી હજાર સડસઠ પુરા) ટેક્ષ સહિતનો ખર્ચ થશે જે પરત્વે ચર્ચા વિચારણા.

ઠરાવ ક્રમાંક: (૧૬) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે યુનિ.કેમ્પસ પરના તમામ એ.સી./વોટર કુલરના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટની ઈ-ટેન્ડરની પ્રકિયામાં સમાવેશ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૭) ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ હયાત વર્કશોપની જગ્યા પર એક્ષટેન્શની કામગીરી ચાલુ હોઈ, વર્કશોપ માટે નવી જગ્યા માઇકોબાયોલોજી અને બોટની વિભાગને વચ્ચે ફાળવી શકાય તેમ છે. જે પરત્વે ચર્ચા વિચારણા.

ઠરાવ ક્રમાંક: (૧૭) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદર બાબતે યુનિ. કન્સલ્ટન્ટની નવી વ્યવસ્થા થયેથી રાજ્ય સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના નવા SOR મુજબ વિગતવાર અંદાજો અને ડ્રોઈંગ માન્ય રાખી વર્તમાન પત્રોમાં જાહેરખબર દ્વારા ઈ-ટેન્ડર કરવાની તથા ફાઇનાન્સિયલ બીડ ખોલવા સુધીની આગળની આનુષંગિક કાર્યવાહી તેમજ યુનિ.વર્કશોપ બિલ્ડીંગ માટે રજુ કરેલ સ્થળ, ડીઝાઈન, અને થનાર ખર્ચ મંજુર કરવાનું રાખવું.

બાબત ક્રમાંક:(૧૮) નવી યોજના અન્વયે વર્ષ૨૦૧૯-૨૦ રાજ્ય સરકારશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા પત્ર ક્રમાંક:ISC-7/GU/NI/EDN30/2019/૧૯૪૭-૫૨-૨૩તા:૧૩.૧૨.૨૦૧૯ થી Electrification and extension of H.T. Power Load in campus નું કામ ઇજારદારશ્રી P.R.Patel & Co. દ્વારા પ્રગતિમાં છે. (ટેન્ડર ID:435457). યુનિવર્સીટી દ્વારા કન્સલ્ટન્ટ ઓક્ટર્સ તરફથી દર્શાવેલ કારણોસર તેમના તા:16/03/2022ના પત્રથી એક્ષેસ/સેવિંગ્સ/એક્ષ્ટ્રા આઈટમ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે. જેમાં કામની મંજુર થયેલી અંદાજીત કુલ રકમ રૂ.૧૪,૧૪,૯૪,૨૪૧/- હતી. જેની સામે ટેન્ડરની રકમ રૂ.૧૩,૭૦,૩૩,૪૮૭/- હોવાથી આ કામમાં ટેન્ડરની રકમ પછી વધતી બચતની રકમ રૂ.૪૪,૬૦,૭૫૪/- તથા ટેન્ડર આઈટમમાં સંભવિત બચતની રકમ રૂ.૧,૪૮,૧૫,૨૮૩/- આ સામે મંજુર થયેલી રકમની મર્યાદામાં રહી કરાવેલ એક્ષ્ટ્રા આઈટમ રૂ.૬૩,૭૮,૫૧૯/- અને એક્ષેસ આઈટમ રૂ.૧,૨૬,૯૦,૨૨૫/- નું કામ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા રજુ થયેલ મૂળ અંદાજની મર્યાદામાં રહી મંજુરી આપવા પરત્વે ચર્ચા વિચારણા.

ઠરાવ ક્રમાંક:(૧૮) ઉપરોકત દરખાસ્ત મંજુર કરવાની બાબતના કારણોની ચર્ચામાં જણાય છે કે, યુનિવર્સીટીની જરૂરિયાતો મુજબ તેમજ નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા જણાવ્યા મુજબ સ્થળ સ્થિતિ, સ્ટ્રક્ચરલ, ડીઝાઇન જરૂરિયાત, પ્લાન ફેરફાર, વિભાગની જરૂરિયાતનો ફેરફાર વિગેરે કારણો ઉપસ્થિત થવાથી ઉપર મુજબ રકમમાં વધારો/ઘટાડો અને વધારાની બાબતનીજરૂરિયાત ઉપસ્થિતથયેલ જણાય છે. આથી ચર્ચા વિચરણાને અંતે એકઝીકયુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, Electrification and extension of H.T. Power Load in campus ના કામમાં યુનિવર્સીટી દ્વારા કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા રજૂ થયેલ ઉપરોક્ત દરખાસ્ત મુજબની રકમ ટેક્ષ સહિત મંજુર રાખવી.

બાબત ક્રમાંક: (૧૯) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે ડેવલોપમેન્ટ, રીનોવેશન અને બાંધકામના જુદા જુદા કામ હાલ પ્રગતિ હેઠળ હોઇ યુનિવર્સિટી નિયુકત કન્સલ્ટન્ટ ઓકટર્સના સંદર્ભવાળા પત્રથી જણાવ્યા મુજબ સમય મર્યાદામાં વધારો કરવાનો થાય છે પરિશિષ્ટ "એ" આ સાથે સામેલ છે. જે પરત્વે ચર્ચા વિચારણા.

ઠરાવ ક્રમાંક: (૧૯) આથી એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા તેમના પત્રથી જણાવેલ કારણોસર ઉપરોક્ત પરિશિષ્ટ-એ મુજબના કામોની સમય મર્યાદા વધારી આપવાનું રાખવું.

| | |
|---|---|
| બાબત ક્રમાંક:(૨૦) | નવી યોજના અન્વયે વર્ષ૨૦૨૦-૨૧ રાજ્ય સરકારશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા પત્ર ક્રમાંક:ISC-7/GU/NI/EDN30/2020/1028-33તા:16/03/2021થી <u>**Construction of Hostel for Research Scholar, Foreign Students & Faculty**</u> નું કામ ઇજારદારશ્રી **J. P. Structures Pvt. Ltd.** દ્વારા પ્રગતિમાં છે. (ટેન્ડર **ID: 435442**). યુનિવર્સીટી દ્વારા કન્સલ્ટન્ટ ઓક્ટર્સ તરફથી દર્શાવેલ કારણોસર તેમના તા:[illegible]૨૨ ના પત્રથી એક્ષેસ/સેવિંગ્સ/એક્ષ્ટ્રા આઈટમ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે. જેમાં કામની મંજુર થયેલી અંદાજીત કુલ રકમ રૂ.૧૮,૦૬,૧૮,૪૩૮ /- હતી. જેની સામે ટેન્ડરની રકમ રૂ.૧૪,૩૨,૩૨,૫૩૩/- હોવાથી આ કામમાં ટેન્ડરની રકમ પછી વધતી બચતની રકમ રૂ.૩,૭૩,૮૫,૯૦૪/- તથા ટેન્ડર આઈટમમાં સંભવિત બચતની રકમ રૂ.૧,૫૭,૯૦,૪૯૦/- આ સામે મંજુર થયેલી રકમની મર્યાદામાં રહી કરાવેલ એક્ષ્ટ્રા આઈટમ રૂ.૧,૬૮,૫૫,૯૯૫/- અને એક્ષેસ આઈટમ રૂ.૨,૭૫,૬૦,૬૮૧/- નું કામ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા રજુ થયેલ મૂળ અંદાજની મર્યાદામાં રહી મંજુરી આપવા પરત્વે ચર્ચા વિચારણા. |
| ઠરાવ ક્રમાંક:(૨૦) | ઉપરોકત દરખાસ્ત મંજુર કરવાની બાબતના કારણોની ચર્ચામાં જણાય છે કે, યુનિવર્સીટીની જરૂરિયાતો મુજબ તેમજ નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા જણાવ્યા મુજબ સ્થળ સ્થિતિ, સ્ટ્રક્ચરલ, ડીઝાઇન જરૂરિયાત, પ્લાન ફેરફાર, વિભાગની જરૂરિયાતનો ફેરફાર વિગેરે કારણો ઉપસ્થિત થવાથી ઉપર મુજબ રકમમાં વધારો/ઘટાડો અને વધારાની બાબતની જરૂરિયાત ઉપસ્થિતથયેલ જણાય છે. આથી ચર્ચા વિચરણાને અંતે એકઝીકયુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, <u>**Construction of Hostel for Research Scholar, Foreign Students & Faculty**</u> ના કામમાં યુનિવર્સીટી દ્વારા કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા રજૂ થયેલ ઉપરોક્ત દરખાસ્ત મુજબની રકમ ટેક્ષ સહિત મંજુર રાખવી. |
| ઠરાવ ક્રમાંક: (૨૧) | જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એકઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રૂપે ગુજરાત યુનિવર્સિટી પરીસરમાં **INDIAN FLAG MAST** તૈયાર કરવા વિગતવાર અંદાજો અને ડ્રોઈંગ માન્ય રાખી વર્તમાન પત્રોમાં જાહેરખબર દ્વારા ઈ-ટેન્ડર કરવાની તથા ફાઇનાન્સિયલ બીડ ખોલવા સુધીની આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું. |

સભાનું કામકાજ પૂર્ણ થતા કુલસચિવશ્રીએ સૌનો આભારમાની સભા પૂર્ણ થયેલ જાહેર કરી.

<u>મા. સાહેબશ્રી</u>

ઉપરોક્ત તા. ૦૨/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ બાંધકામ સમિતિની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવા આદેશાર્થે સાદર રજૂ.

કુલસચિવ

બાંધકામ સમિતિ તા: ૦૨/૦૮/૨૦૨૨

Gl.8 - 26

| Annexure- A | | | | |
|---|---|---|---|---|
| Details of Extension of Time Limit | | | | |
| **Sr.No.** | **Name of Work** | **Name of Company** | **Till Date** | **Time limit Ext. Upto** |
| 1 | Renovation, Retrofitting, up gradation of Mobile & IT, Canteen, Day Care and Development of Disable Friendly Campus Procurement and Installation of campus signage's at Gujarat University. | M/s P.R.Patel & Co. | 16-11-2022 | 31-03-2023 |
| 2 | Construction of Computer Science, Central Research, Upasana Performing Arts, Library Science & Transit House Building at Gujarat University. | M/S.J P Structures Pvt. Ltd. | 23-07-2022 | 31-12-2022 |
| 3 | Renovation, Retrofitting up-gradation and Extension of School of Social Science and School of Languages at Gujarat University. | M/S.JP Structures Pvt. Ltd. | 12-07-2022 | 28-02-2023 |
| 4 | Construction Of Quarters 2bhk Officers Residence And 3bhk Teachers Residence At Gujarat University. | M/S.JP Structures Pvt. Ltd. | 12-07-2022 | 31-12-2022 |
| 5 | Construction of Department of Zoology at Gujarat University. | M/s IRON TRIANGLE LTD. | 20-05-2022 | 31-12-2022 |
| 6 | Construction of Research Park (Phase-1) at Gujarat University. | M/s IRON TRIANGLE LTD. | 13-10-2022 | 31-03-2023 |
| 7 | Renovation Repairs and Extension of Life Science Building, Kadamb Building, School of Law, Account Department of Tower Building and Health Centre, Analytical Chemistry at Gujarat University. | M/s TRIPUR BUILDERS PVT.LTD. | 30-06-2022 | 31-12-2022 |
| 8 | Renovation and Repairs of Tennis Academy and Gymnasium Hall & Construction Of Dronacharya Academy at Gujarat University. | M/s P.R.Patel & Co. | 28-06-2022 | 31-03-2023 |
| 9 | Construction of International Student Hostel at Gujarat University. | M/S.J P Structures Pvt. Ltd. | 22-11-2022 | 31-03-2023 |
| 10 | Extension Work of IAS Training Centre and Other Department (Part-2) at Gujarat university. | M/s TRIPUR BUILDERS PVT.LTD. | 31-03-2020 | 31-12-2022 |
| 11 | Campus upgradation & Extension Related Facilities at Gujarat University. | M/s TRIPUR BUILDERS PVT.LTD. | 30-12-2022 | 31-03-2023 |
| 12 | Construction of Fire Safety Work of Existing Buildings at Gujarat University. | M/s Karan Construction Co. | 13-09-2022 | 31-12-2022 |
| 13 | Electrification & Extension of HT Power Load in campus at Gujarat University | M/s P.R.Patel & Co. | 19-06-2022 | 31-03-2023 |
| 14 | Construction of Department of Pharmaceutical science at Gujarat University. | M/s IRON TRIANGLE LTD. | 15-01-2023 | 30-09-2023 |